## ‘સન્નારી’ માટે મુખપૃષ્ઠ તસ્વીર, પ્રતિભાવ, સૂચનો વગેરે ઇ મેઇલ પર પણ મોકલી શકો છો

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, ‘સન્નારી’ને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો કંઇ પણ મોકલી જ શકો છો. તમારી સરળતા માટે આ વધારાની સુવિધા કરવામાં આવી છે.

■ વાચકોને ખાસ વિનંતી કે પોતાનું લખાણ ટૂંકાણમાં જ મોકલે. ઘણા વાચકોનું લખાણ લાંબુ હોવાથી પૂરતો ન્યાય આપી શકાતો નથી.

■ તમારી તસવીર ઊભી ફ્રેમમાં, બેકગ્રાઉન્ડ પ્લેઇન અને અવનવી અદામાં હોવી જરૂરી છે. આથી એકલાં નાના બાળકોના ફોટા મોકલશો નહીં.

■ તમારી તસવીરની ઇમેજ સાઇઝ ૮’’ x ૧૨’’ હાઇ રેઝોલ્યુશન 300 DPIમાં મોકલશો જેથી એન્લાર્જ કરતી વખતે મુશ્કેલી ન પડે અને ફાઇલ સાઇઝ 10MB થી વધુ હોવી જોઇએ નહીં.

■ તમારા ફોટાગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર લખવાનું ભૂલશો નહિ.

-સંપાદક

Email: sannari@gujaratmitra.in

## સપ્તાહની તસવીર



‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર અલૂણાં નિમિત્તે પ્રકાશિત થયેલી તસવીર જહાન્વી જરીવાલાની છે એ સાતમા ધોરણમાં અભ્યાસ કરે છે. જહાન્વીને વાંચન, પ્રવાસ, નૃત્ય અને સંગીતનો શોખ છે.

# ‘કારગિલ દિવસ’ અને ડૉ. કલામની મરણતિથિ આગળપાછળ હોવી એક યોગાનુયોગ !



## પ્રિય સન્નારી




કેમ છો? મજામાં ને?

આવતીકાલે એટલે કે 26મી જુલાઈએ ‘કારગિલ દિવસ’ છે અને 27મી જુલાઈએ ડૉ. એ.પી. જે અબ્દુલ કલામ મેમોરિયલ ડે છે એટલે કે ડૉ. કલામની મરણતિથિ. આ ખરેખર યોગાનુયોગ છે કે ડૉ. કલામની મરણતિથિ અને કારગિલ દિવસ આગળપાછળ આવતા હોય છે. કદાચ આની પાછળ એક કારણ એ હોય શકે છે કે કલામે તેમની આવિષ્કાર કરેલાં મિસાઈલો ભારતીય સેનાને અર્પણ કર્યાં અને તેના ઉપયોગથી આપણે કારગિલ યુદ્ધમાં વિજય મેળવી શક્યા.

કારગિલનું યુદ્ધ 1999ના મે મહિનામાં શરૂ થયું હતું અને 28 જુલાઈ 1999ના રોજ ભારતના વિજય સાથે સમાપ્ત થયું હતું. આ યુદ્ધ સામાન્ય યુદ્ધો જેવું ન હતું. તે સમુદ્રતટથી 5000 મીટર (16,0000 ફૂટ) ની ઊંચાઈ પર લડાઈ રહ્યું હતું. લગભગ 527 જેટલા સૈનિકોની શહાદત પછી 26 જુલાઈએ વિજય તિરંગો લહેરાયો હતો. કારગિલનું યુદ્ધ ભૌગોલિક દૃષ્ટિએ ભારત માટે પડકારજનક હતું પરંતુ આપણા વીર જવાનોને કારણે તેમાં વિજય પ્રાપ્ત થયો. ભારતના વિજય પાછળ આ સિવાય બીજું પણ એક મહત્ત્વનું કારણ ડૉ. એ.પી. જે અબ્દુલ કલામ અને તેમની અગ્નિ મિસાઈલ અને પૃથ્વી મિસાઈલ હતી.

સ્વતંત્ર ભારતના ‘મિસાઈલ મેન’ તરીકે ઓળખાતાં વૈજ્ઞાનિક અને દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામે ડિફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)નું વ્યૂહાત્મક નેતૃત્વ કરીને આ યુદ્ધમાં મહત્ત્વનું યોગાદન આપ્યું હતું. 1999ના કારગિલ યુદ્ધ વખતે ડૉ. કલામ (DRDO)ના વડા હતા અને તે સમયે અદ્યતન મિસાઈલો ભારતીય સશસ્ત્ર દળોને આપીને તેમણે દેશની સંરક્ષણ ક્ષમતામાં ટેકનોલોજી અને વ્યૂહાત્મક શકિતનો ઉમેરો કર્યો હતો. એટલું જ નહિ ભારતના તેઓ પહેલા એવા રાષ્ટ્રપતિ બન્યા કે જેમણે કારગિલની મુલાકાત લીધી અને આપણા વીર જવાનોની પ્રશંસા કરી તેમને સમર્પિત કવિતાનું પઠન પણ કર્યું.



તમિલનાડુના રામેશ્વરમમાં એક સામાન્ય હોડી માલિકના ઘરમાં જન્મેલા ડૉ. કલામે એરોસ્પેસ એન્જિનિયરીંગનો અભ્યાસ કર્યો હતો અને એક પ્રખ્યાત અવકાશ વૈજ્ઞાનિક બન્યા હતા. તેમણે લશ્કરી મિસાઈલ વિકસાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. જેના કારણે તેમને ભારતના ‘મિસાઈલમેન’ તરીકે ઓળખવામાં આવતા હતા. તેમણે ઈન્ટરગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામનું નેતૃત્વ કર્યું હતું અને અગ્નિ અને પૃથ્વી મિસાઈલનું નિર્માણ કયું હતું. જે કારગિલ યુદ્ધમાં મહત્ત્વનાં શસ્ત્ર તરીકે ઉપયોગી થઈ હતી. 2002માં ડૉ. કલામ ભારતના 11મા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા. તેમની સુલભતા, નમ્રતા અને દેશના યુવાનો સાથે જોડાવાના ઉત્સાહને કારણે ‘પીપલ્સ પ્રેસિડન્ટ’ તરીકે પણ તેમને ઓળખવામાં આવતા હતા.

મિત્રો, ડૉ. એ.પી. જે અબ્દુલ કલામનાં મૂલ્યો તેમની હયાતી ન હોવા છતાં આજના યુવાનો માટે પ્રેરણાદાયી છે. અતિશય ગરીબીમાં ઊછર્યા હોવા છતાં મહેનત કરવામાં કયારેય પાછા ફરીને ન જોવું, પોતાના કાર્યમાં સમર્પણ અને સખત મહેનત તેમના જીવનનો મંત્ર હતો. આજના યુવાનો માટે ડૉ.એ.પી. જે અબ્દુલ કલામ નૈતિક નેતૃત્વ, નવીનતા અને યુવા સશક્તિકરણના પ્રતીક સમાન છે. તેમના નેતૃત્વમાં ભારતીય અવકાશ વિજ્ઞાન, ડીફેન્સ એરસ્પેસ અને મિસાઈલ પ્રોગામને વેગ મળ્યો હતો. તેમણે રાષ્ટ્રપતિ તરીકે કૌશલ આધારિત અને ટેકનોલોજી સંકલિત શિક્ષણ પ્રણાલીની હંમેશાં હિમાયત કરી હતી. જેનાથી આજના ‘મેક ઈન ઈન્ડિયા’નો પાયો નંખાયો.

ટેકિનકલ ગેજેટ્સને AI ના ઓટોમેશન સુધી લઈ જવાની શરૂઆત તેમના પ્રોત્સાહનને કારણે થઈ હતી. રાષ્ટ્રપતિપદ છોડયા બાદ ડૉ. કલામે તેમનું જીવન શિક્ષણ લેખન અને યુવાનોને પ્રેરણા આપવા માટે સમર્પિત કયું હતું. તેમણે અનેક પ્રેરક પુસ્તકો લખ્યાં હતાં. જેમાં તેમની આત્મકથા ‘વિંગ્ઝ ઓફ ફાયર’ ફકત ભારતના જ નહિ પરંતુ વિશ્વભરના યુવાનો માટે પ્રેરણારૂપ છે.

27મી જુલાઈ 2015ના રોજ ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ ( IIM) શિલોંગ ખાતે વ્યાખાન આપતી વખતે તેમનું અચાનક હૃદયરોગના હુમલાથી અવસાન થયું હતું. લોકલાડીલા રાષ્ટ્રપતિ એવા ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ એક સ્વપ્નદૃષ્ટા, એક વૈજ્ઞાનિક અને એક શિક્ષક હતા કે જેઓ પોતાનાં વાણી, વર્તન અને જીવનચરિત્રથી વિશ્વભરના લોકોને પ્રેરણા આપતા હતા અને પ્રેરણા આપતા રહેશે. કારગિલના યુદ્ધના શહીદોને અને સ્વ. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને કોટિ કોટિ નમન! જયહિંદ!

- સંપાદક